# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 16-09-2026** **MIDDAY: 1.20 TO 1.30**
**Day: WEDNESDAY** **National News**

આકાશવાણી સમાચાર **સંસ્કૃતિ ભુંડીયા** વાંચે છે.

***************************************************

1. વ્યક્તિ-થી-વ્યક્તિ દ્વારા ગમે તટેલી રકમ ટ્રાન્સફર કરવામાં આવશે તો પણ UPI વ્યવહારો માટે કોઈ શુલ્ક લેવામાં આવશે નહીં તેવી સરકારની સ્પષ્ટતા.
2. ન્યુઝીલેન્ડની સંસદે ભારત સાથેના મુક્ત વેપાર કરારને અમલમાં મૂકતો કાયદો પસાર કર્યો.
3. દેશભરમાં આવતીકાલથી 17 ઓક્ટોબર દરમિયાન “સ્વચ્છતા હી સેવા 2026” અભિયાન હાથ ધરાશે.
4. આર્મી ચીફ જનરલ ધીરજ સેઠ આજથી 18 સપ્ટેમ્બર સુધી રશિયાની સત્તાવાર મુલાકાતે.
5. ભારતીય શેરબજારમાં આજે વધારા સાથે કારોબાર.

-----------------------------------

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો...

# UPI CHARGES

સરકારે સ્પષ્ટતા કરી કે , વ્યક્તિ-થી-વ્યક્તિ દ્વારા ગમે તટેલી રકમ ટ્રાન્સફર કરવામાં આવશે તો પણ UPI વ્યવહારો માટે કોઈ શુલ્ક લેવામાં આવશે નહીં.

નાણા મંત્રાલયે જણાવ્યું હતું કે , નાના વેપારીઓ માટે શૂન્ય મર્ચન્ટ ડિસ્કાઉન્ટ રેટ માળખા હેઠળ આવરી લેવામાં આવતા વ્યવહારો સાથે વેપારીઓને બે હજાર રૂપિયા સુધીની ચુકવણી પણ નિઃશુલ્ક રહેશે. મંત્રાલયે જણાવ્યું હતું કે , MDR ફક્ત બે હજાર રૂપિયાથી વધુના ચોક્કસ વેપારી વ્યવહારો પર જ લાગુ થશે.

# PM - SEMICON INDIA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે નવી દિલ્હીમાં યશોભૂમિ ખાતે SEMICON INDIA 2026ની પાંચમી આવૃત્તિનું ઉદ્ઘાટન કરશે. આ ત્રણ દિવસીય પરિષદ એક મુખ્ય પ્લેટફોર્મ તરીકે સેવા આપશે. સેમિકોન ઇન્ડિયા સહયોગને પ્રોત્સાહન આપવા, નવીનતા લાવવા, ઉત્પાદન ક્ષમતાઓને મજબૂત કરવા , રોકાણ આકર્ષવા અને ભવિષ્ય માટે તૈયાર પ્રતિભા વિકસાવવા માટે વૈશ્વિક સેમિકન્ડક્ટર અને ઇલેક્ટ્રોનિક્સ ઇકોસિસ્ટમને એકમંચ પર લાવશે.

આ કાર્યક્રમમાં 600થી વધુ પ્રતિનિધિઓ , 300 આંતરરાષ્ટ્રીય કંપનીઓ અને 40થી વધુ દેશોના પ્રતિનિધિમંડળો એકત્રિત થશે. આ પ્રદર્શનમાં છ દેશના પેવેલિયન, 12 રાજ્ય સરકારના પેવેલિયન અને એક સ્ટાર્ટઅપ પેવેલિયન હશે.

SEMICON INDIA, ભારતનું અગ્રણી સેમિકન્ડક્ટર કોન્ફરન્સ અને પ્રદર્શન છે , જેનું આયોજન ઇન્ડિયા સેમિકન્ડક્ટર મિશન , ઇલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેકનોલોજી મંત્રાલય અને SEMI દ્વારા સંયુક્ત રીતે કરવામાં આવે છે. આ કાર્યક્રમમાં ઉચ્ચ-સ્તરીય કીનોટ્સ, પેનલ ચર્ચાઓ અને વ્યૂહાત્મક સત્રો યોજાશે. જેમાં સેમિકન્ડક્ટર અને ઇલેક્ટ્રોનિક્સ ઇકોસિસ્ટમમાં ઉભરતા વલણો અને મહત્વપૂર્ણ ક્ષેત્રો પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે.

# INDIA NEWZEALAND TRADE

ન્યુઝીલેન્ડની સંસદે ભારત સાથેના મુક્ત વેપાર કરારને અમલમાં મૂકવા માટે કાયદો પસાર કર્યો છે, આ કાયદાથી ટેરિફમાં નોંધપાત્ર ઘટાડો અને બંને દેશો વચ્ચે વેપાર વધારવાનો માર્ગ મોકળો થયો છે. આ કાયદાને 93-29 મતથી મંજૂરી આપવામાં આવી હતી, જેને વિપક્ષી લેબર પાર્ટીએ ટેકો આપ્યો હતો.

ન્યુઝીલેન્ડના વાણિજ્ય મંત્રી ટોડ મેકક્લેએ જણાવ્યું કે , આ કરાર નિકાસકારો માટે "તાત્કાલિક અને નોંધપાત્ર" લાભો પહોંચાડશે. તેમણે કહ્યું કે , ઉચ્ચ-ગુણવત્તાવાળા વેપાર કરાર આ વર્ષના અંતમાં અમલમાં આવવાની અપેક્ષા છે.

# SWACHHATA HI SEVA (WITH V/C)

દેશભરમાં આવતીકાલથી "સ્વચ્છતા હી સેવા 2026 " અભિયાન શરૂ થશે. 17 ઓક્ટોબર સુધી ચાલનાર આ અભિયાનની આ વર્ષની વિષયવસ્તુ "સ્વચ્છતા મેં સહયોગ, સ્વચ્છ ભારત , વિકાસિત ભારત" છે , જે સ્વચ્છ અને વિકસિત ભારતના વિઝનને આગળ વધારવામાં સામૂહિક ભાગીદારી અને સહિયારી જવાબદારીના મહત્વને પ્રતિબિંબિત કરે છે.

આ અભિયાનમાં નિયુક્ત સ્થળો અને વધુ ટ્રાફિક ધરાવતા જાહેર સ્થળોની સફાઈ, યુવાનોની ભાગીદારી વધારવા અને કચરાથી સંપત્તિ સુધીની પહેલ દ્વારા "સ્વચ્છતા સે સમૃદ્ધિ" ને પ્રોત્સાહન આપવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે.

સાંભળીએ એક અહેવાલ........

**વોઇસ કાસ્ટ - દિપેન્દ્ર**

# JAISHANKAR BHUTAN

વિદેશમંત્રી ડૉ. એસ. જયશંકર આજથી ભૂટાનની બે દિવસની સત્તાવાર મુલાકાતે જશે. આ મુલાકાત દરમિયાન  ડૉ. જયશંકર ભૂટાનના વિદેશમંત્રી લિયોનપો ડી.એન. ધુંગેલ સાથે દ્વિપક્ષીય વાટાઘાટો કરશે. તેઓ ભૂટાનના પ્રધાનમંત્રીને મળશે.

વિદેશ મંત્રાલયે જણાવ્યું કે , આ મુલાકાત ભારત અને ભૂટાન વચ્ચે નિયમિત ઉચ્ચ-સ્તરીય આદાન-પ્રદાનની પરંપરાને અનુસરીને અને બંને દેશો વચ્ચે મિત્રતા અને સહયોગના હાલના ગાઢ સંબંધોને વધુ મજબૂત બનાવવા માટે છે.

# MINISTERS-WORLD OZONE DAY

આજે વિશ્વ ઓઝોન દિવસ પર પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન રાજ્યમંત્રી કીર્તિ વ ર્ધન સિંહે જણાવ્યું કે , ઓઝોન સ્તર હાનિકારક યુવી કિરણો સામે રક્ષણ આપે છે.

સોશિયલ મીડિયા પોસ્ટમાં મંત્રીએ ભાર મૂક્યો કે, આ દિવસ યાદ અપાવે છે કે ઓઝોન સ્તરનું રક્ષણ ઘરેથી શરૂ થાય છે. તેમણે કહ્યું કે , 24 ડિગ્રી સેલ્સિયસ તાપમાને AC જાળવવા અને કાર્યક્ષમ ઉપકરણો પસંદ કરવા જેવા સરળ પગલાં , સ્વસ્થ પૃથ્વી માટે ઉત્સર્જન ઘટાડે છે.

શ્રી સિંહે કહ્યું કે , ઓઝોન સ્તરનું રક્ષણ માનવ સ્વાસ્થ્ય , જૈવવિવિધતા અને આબોહવા સ્થિરતાનું રક્ષણ કરે છે. તેમણે નાગરિકોને સુરક્ષિત ભવિષ્ય માટે ટકાઉ પ્રથાઓ અપનાવવા પણ હાકલ કરી.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# WB-FAKE DOCTORS

પશ્ચિમ બંગાળ મેડિકલ કાઉન્સિલે રાજ્યમાં મેડિકલ રજીસ્ટ્રેશન મેળવવા માટે બિહારના નકલી દસ્તાવેજોનો ઉપયોગ કરવાના આરોપસર પાંચ ડોક્ટરોના રજીસ્ટ્રેશન રદ કર્યા છે.

ખાનગી હોસ્પિટલો અને નર્સિંગ હોમ્સના એસોસિએશનના સેક્રેટરી રાજીબ પાંડેની ફરિયાદને પગલે આ કાર્યવાહી કરવામાં આવી છે. આરોગ્ય વિભાગ બનાવટી પ્રમાણપત્રો ધરાવતા અન્ય ડોક્ટરોને ઓળખવા માટે પણ આ મામલાની તપાસ કરી રહ્યું છે.

# DHIRAJ SETH - RUSSIA

આર્મી ચીફ જનરલ ધીરજ સેઠ આજથી 18 સપ્ટેમ્બર સુધી રશિયાની સત્તાવાર મુલાકાતે છે. તેમની ત્રણ દિવસની મુલાકાત દરમિયાન , જનરલ સેઠ રશિયન ભૂમિ દળોના કમાન્ડર-ઇન-ચીફ , કર્નલ જનરલ આન્દ્રે નિકોલાયેવિચ મોર્ડવિચેવ સાથે વ્યાવસાયિક લશ્કરી સહયોગ અને તાલીમ સહિત પરસ્પર હિતના મુદ્દાઓ પર ચર્ચા કરશે. તેઓ મોસ્કોમાં શહીદ સૈનિકોને શ્રદ્ધાંજલિ આપશે.

સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું કે , આર્મી ચીફ મોસ્કોમાં રાષ્ટ્રીય સંરક્ષણ નિયંત્રણ કેન્દ્રની પણ મુલાકાત લેશે અને રશિયન સંરક્ષણ મંત્રાલયના વરિષ્ઠ અધિકારીઓ સાથે વાતચીત કરશે.

# NEPAL EARTHQUAKE

નેપાળના ઉત્તરપશ્ચિમ મુગુ જિલ્લામાં આજે સવારે ત્રણ કલાક માં ભૂકંપના બે આંચકા અનુભવાયા. જોકે જાનહાનિ કે નુકસાનના કોઈ અહેવાલ નથી. નેપાળના રાષ્ટ્રીય ભૂકંપ દેખરેખ અને સંશોધન કેન્દ્ર અનુસાર, પહેલા ભૂકંપની તીવ્રતા 4.5 અને ત્યારબાદ 4.2 ની તીવ્રતાનો ભૂકંપ હતો. બંને ભૂકંપનું કેન્દ્ર મુગુ જિલ્લાના કલાઈની આસપાસ હતું.

# SAUDI-DRONE ATTACK

સાઉદી અરેબિયાએ જણાવ્યું કે , તેના હવાઈ સંરક્ષણ દળોએ ગઈકાલે સાંજે મક્કા નજીક હુથી ડ્રોનને અટકાવીને તોડી પાડ્યું. યમનની સરકારને ટેકો આપતા ગઠબંધન દળોના પ્રવક્તા મેજર જનરલ તુર્કી અલ-મલિકીએ આ હુમલાને હુથીઓ દ્વારા મક્કાને નિશાન બનાવવાનો બીજો પ્રયાસ ગણાવ્યો હતો. તેમણે 2017માં બેલિસ્ટિક મિસાઇલ હુમલાનો પણ ઉલ્લેખ કર્યો હતો.

મેજર જનરલ અલ-મલિકીએ કહ્યું કે , ગઠબંધન આવા કોઈપણ હુમલા સામે જરૂરી પગલાં લેશે. જોકે, હુથીઓએ મક્કાને નિશાન બનાવવાનો ઇનકાર કર્યો છે.

# STOCKS 1200

ભારતીય શેરબજારમાં આજે વધારા સાથે કારોબાર થઇ રહ્યો છે. આજે બપોરના સત્રમાં સેન્સેક્સ 330 અને નિફ્ટી 115 અંકોના વધારા સાથે ટ્રેડ થઈ રહ્યા હતા.

FMCG, વીમા અને રિયલ્ટી ક્ષેત્રના શેરોમાં સૌથી વધારે ઉછાળો હતો , જ્યારે ટેલિકોમ્યુનિકેશન્સ, IT અને હાઉસિંગ ફાઇનાન્સના શેરોમાં વેચવાલી નિકળી હતી.

# DAY - IMD WEATHER

હવામાન વિભાગે આજે આંદામાન અને નિકોબાર ટાપુઓ , અરુણાચલ પ્રદેશ, આસામ, મેઘાલય, હરિયાણા, ચંદીગઢ, પંજાબ અને દિલ્હીમાં ભારે વરસાદની આગાહી કરી છે. આજે કેરળ , માહે, પંજાબ, પશ્ચિમ બંગાળના તરાઈ પ્રદેશ , સિક્કિમ, તમિલનાડુ, પુડુચેરી અને કરાઈકલમાં પણ આવી જ હવામાન સ્થિતિ રહેશે.

આગામી બે થી ત્રણ દિવસ દરમિયાન બિહાર , જમ્મુ અને કાશ્મીર , લદ્દાખ, ઝારખંડ, ઓડિશા અને રાજસ્થાનમાં વીજળી સાથે વાવાઝોડાની શક્યતા છે. આજે આંધ્રપ્રદેશ, છત્તીસગઢ, ગુજરાત, લક્ષદ્વીપ, મધ્યપ્રદેશ, ઉત્તર પ્રદેશ અને ઉત્તરાખંડમાં પણ આવી જ સ્થિતિ રહેવાની આગાહી છે.

# KHADSE-VISITS MIZORAM

કેન્દ્રીય યુવા બાબતો અને રમતગમત રાજ્યમંત્રી રક્ષા ખડસેએ કૃષિ ઉત્પાદન વધારવા અને સ્થાનિક ઉત્પાદનોનું રાજ્યની બહાર વેચાણ કરવા માટે મિઝોરમમાં ઓર્ગેનિક ખેતીને પ્રોત્સાહન આપવાની જરૂરિયાત પર ભાર મૂક્યો.

કેન્દ્રીય મંત્રી ગઈકાલે મિઝોરમ પહોંચ્યા હતા અને ઐઝોલની બાદ , સૈતુલ જિલ્લાના પ્રવાસે ગયા હતા , જ્યાં તેમણે વરિષ્ઠ સરકારી અધિકારીઓ અને વિવિધ રમતગમત સંગઠનોના પ્રતિનિધિઓ સાથે ચર્ચા કરી હતી.

બેઠકમાં બોલતા , ખડસેએ કહ્યું કે મિઝોરમમાં ઓર્ગેનિક ખેતીમાં અભૂતપૂર્વ સંભાવના છે અને જો કૃષિ અને બાગાયતી ઉત્પાદનોને પ્રક્રિયા અને પેકેજ કરવા માટે યોગ્ય પ્રધ્ધિતિનો અમલ થાય તો રાજ્ય બહાર નિકાસ કરી શકાય છે.

તેમણે અધિકારીઓને લોકોના હિત માટે વધુ પ્રયાસ કરવા અને કેન્દ્ર સરકારની વિવિધ યોજનાઓનો વધુ લાભ જનતાને મળે તે સુનિશ્ચિત કરવા માટે પ્રયત્નશીલ રહેવા આગ્રહ કર્યો હતો.